# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

ગુજરાત રાજય, ગાંધીનગર

ચ-3 સર્કલ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર -3૮૨૦૧૦

ફોન: ૦૭૯-૨૩૨૫૪૪૫૦ ફેકસ: ૦૭૯-૨૩૨૫૪૧૪૧

ક્રમાંક: નરચો નં.૯૦ (સરસાણા)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/૨૯૫૮ તા. ૨૬/૦૭/૨૦૨૨

MC/SMC 04/08/2022

મધ્યસ્થ કચેરી 06 AUG 2022 ક્રમ નંબર જા/1/1640

પ્રતિ,
કમિશ્નરશ્રી
સુરત મહાનગરપાલિકા,
સુરત.

DMC

TPO (J) 17-8-2022

J2 20-8-2022 DTP(R)J

AE shri Parth Desai 20.8.2022

ઈનવર્ડ નં. 463 ટી.પી.ઓ. DMC તારીખ 20/08/2022

વિષય:- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ સુરત મહાનગરપાલિકામાં મોજે. સરસાણા વિસ્તારની સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯૦ (સરસાણા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત

સંદર્ભ:-
૧. આપશ્રીના તા.૨૪/૦૫/૨૦૨૨ ના પત્ર નં.ટીપીડી/આ/૯૨૬.
૨. અત્રેની કચેરીનાં પત્ર તા.૧૭/૦૬/૨૦૨૨ પત્રક્રમાંક નંબર.દ.ગુ/ એસએમસી/ ૪૧(૧)/નરચો નં.૯૦(સરસાણા)/૨૩૯૬.
૩. આપશ્રીના તા.૧૪/૦૭/૨૦૨૨ ના પત્ર નં.ટીપીડી/આ/૧૭૫૦.

**શ્રીમાન,**

ઉપરોકત વિષયાન્વયે સંદર્ભ (૧) હેઠળના પત્ર થી સુચિત નગર રચના યોજના નં.૯૦ (સરસાણા) ની હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ મેળવવા દરખાસ્ત અત્રેને પાઠવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ (૨) હેઠળના પત્રથી માંગેલ પુર્તતા બાબતે આપશ્રી દ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જરૂરી સ્પષ્ટતા/પુર્તતા કરેલ છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા, નીચે જણાવેલ શરતોને આધીન હદ પરામર્શ આપવામાં આવે છે.

૧. સૂચિત મુ.ન.ર.યો ની લાગુમાં આવતી નગર રચના યોજનાની હદો સુસંગત થાય તે મુજબ ચકાસણી કરી હદ સૂચવવાની રહેશે અને હદ ફેર થતો હોય તો અત્રેનો પુન:પરામર્શ મેળવવાનો રહેશે.
૨. સૂચિત નગર રચના યોજનામાં આવતાં હયાત તળાવ તેમજ જળપ્રવાહને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેનાં મૂળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે .
૩. સૂચિત નગર રચના યોજનામાંથી પસાર થતાં વિકાસ યોજનાનાં રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાનાં રહેશે.
૪. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાનાં તેમજ નગર રચના યોજનાની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોક્સાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે. તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.
૫. વિકાસ યોજનાનાં જે તે ઝોનમાં સમાવિષ્ટ મૂળખંડ તે જ ઝોનમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે .
૬. સૂચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોને જેમ સમાન ધોરણે કપાત કરી,તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરચ-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

૮. સરકારશ્રીનાં તા.૧૩/૧૦/૨૦૨૦ નાં પત્ર પરત્વેથી અપાયેલ સૂચનાને અનુસંધાને કલમ-૧૯ હેઠળ પાઠવેલ વેરીએશન બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે.

આ સાથે રજુ કરેલ નકશામાં સહી/સિક્કા કરી આપેલ છે.

બિડાણ - ઉપર મુજબ

**મુખ્ય નગર નિયોજક**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

નકલ રવાના :-

નગર નિયોજકશ્રી, શાખા કચેરી, સુરત તરફે બિડાણ સહ જાણ સારૂ.